


કડકડતી ઠંડીની લહેરથી ઠુંઠવાતા શરીરને એક માત્ર શકિતવર્ધક ગોળ અને તલનો ઉપયોગ કંઈક અંશે ગરમીનું સિંચન કરે છે. શિયાળામાં શરીરમાં તાકાત આપતાં ખસખસ, ગંઠોડા, ગરમ મસાલા, લવિંગ, એલાયચી, ગુંદરપાક વગેરેથી ઠંડી સામે રક્ષણ આપે છે ત્યારે ચિલોડા પંથકમાં કચરિયા સાથે સંકળાયેલા પરીવારો શિયાળામાં બળદની ઘાણીથી તલ પીસી લોકોને કચરિયું તથા તલનું તેલ પુરું પાડી કમાણી કરી રહ્યા છે. હાલમાં તલ ભાવ આસમાને હોવાથી કચરિયાનો ભાવ રૂ. ૧૮૦ વેચાણ કરી રહ્યા છે. પાછોતર વરસાદે તલનો પાક બગડી જતાં તલનો ભાવ પ્રતિ ૨૦ કિલોના રૂ. ૩૬૦૦થી વધુ હોવાથી કચરિયાનો ભાવ પ્રતિ કીલો દીઠ રૂ. ૧૮૦ જણાઈ રહ્યો છે. આધુનિક યુગમાં ખેતીમાં યાંત્રિકકરણ થતાં બળદ દ્વારા ખેતી કરવાનો યુગ આથમી ગયો. સાથો સાથ બળદ માટે કચરિયું બનાવવાનો ક્રેઝ પુરો થતાં નહીંવત ઘાણી ગામડે જોવા મળે છે છતાં હજુ ચિલોડા ગામમાં બે ઘાણીઓ સારું કચરિયું બનાવી આપે છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ખોરજ કેનાલમાંથી અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળ્યો

## ૩૦ થી ૩૫ વર્ષની વયનાં મૃતક યુવાનની હજુ સુધી ઓળખ થઈ શકી નથી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા ખોરજ વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં એક અજાણ્યા ૩૦ થી ૩૫ વર્ષના યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસે મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખવિધિ માટે તજવીજ શરુ કરી છે. પોલીસે મૃતકના કપડાના ખિસ્સા ફંફોસ્યા પરંતુ તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા પણ મળી આવ્યા ન હતાં.

સવારના અરસામાં ખોરજ નર્મદા કેનાલમાં ફરજ બજાવતો સિકયુરીટી ગાર્ડ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. કેનાલના પાણીમાંથી એક યુવાનનો તરતો મૃતદેહ દેખાતા તેણે તાત્કાલીક અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર ભીખાભાઈ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નથી. આશરે ૩૦ થી ૩૫ વર્ષની ઉંમરના આ યુવાનના શરીરે વાદળી રંગનો શર્ટ, કોફી રંગનું જેકેટ, બ્લેક પેન્ટ પહેરેલું છે. પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી મૃતકની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે.




સુરત જિલ્લાની કેટલીક નોન ગ્રાન્ટેડ શાળાઓ પૈકી કેટલીક શાળાઓને ક્રમિક ગ્રાન્ટેડ કરવામાં આવી છે તે શાળાઓમાં ૧૦-૧૦ વર્ષોથી સેવાઓ આપતા શિક્ષકો ક્રમિક શિક્ષકો ગણવામાં આવે છે તે તમામ શિક્ષકો નિયમિત થઈ શકતાં નથી જેથી તેવા ૩૦૦ જેટલા શિક્ષકોએ 'ક્રમિક' શબ્દ દુર કરી કાયમી કરવાની માંગણી સાથે ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર રેલી કાઢી શિક્ષણમંત્રીને આવેનદપત્ર પાઠવ્યું હતું.

# રાજયકક્ષાની નાટય સ્પર્ધામાં પરી પટેલે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મેળવ્યો



ગાંધીનગર, તા.૨૩

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા રાજય કક્ષાની નાટય સ્પર્ધા અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરની દીકરીને શ્રેષ્ઠ અભિનેત્રીનું બિરુદ આપી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. રાજય કક્ષાની નાટય સ્પર્ધામાં ગાંધીનગરના કુમકુમ કલા ગૃપ દ્વારા 'તેજવાની છાય તળે' નાટક ભજવવામાં આવ્યું હતું. જેના લેખક ડો. સતીષ વ્યાસ અને દિગ્દર્શક પ્રવિણદાન ગઢવી હતા. નાટકમાં ગાંધીનગરની પરી પટેલે અભિનય કરતા શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે.


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

શ્રમજીવી પરીવારના બાળકોનું હરહંમેશ કુદરતના ખોળે જીવન વ્યતિત થતું હોય છે. પ્રકૃતિના સથવારે હજુ યે ઘણા ઉછરતા ભુલકાંઓનો ઉછેર-પાલન કુદરત ભરોસે અવિરતપણે પસાર થતું દેખાય છે. જેને રામ રાખે તેને કોણ ચાખે? તેવા શ્રમજીવી પરિવારો વહેલી સવારથી સાંજ સુધી રોજી રોટી મેળવવા બાળકોને રેઢે મૂકી ચાલી નીકળતા હોય છે. ખુલ્લા ખેતરોમાં કોઈ ઝાડ કે થાંભલા સાથે નાનકડું લુંગડાનું ઘોડિયું બનાવી બાળકને સુવાડી ચિંતા કર્યા વિના દૂર દૂર રોજી રોટી મેળવવા નીકળી પડે છે. જયારે બીજા નાના ભૂલકાઓને ઘોડિયામાં સુતેલા બાળકને સોંપી ભણવાના સમયે ભાઈ બહેનને સાચવવાની જવાબદારી નિભાવતો બાળક હીંચકાની દોરી ઝુલાવતો શિક્ષણથી વંચિત રહી તેની વાલી તરીકેની ઉત્તમ ફરજ નિભાવતો બાળક તસવીરમાં નજરે પડે છે.

# તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને યુવાનની કરપીણ હત્યા...!

## મોડી રાત્રે સરગાસણ ચોકડી પાસેથી યુવાનનો મૃતદેહ મળ્યો : મૃતક યુવાનની હજુ પણ ઓળખ થઈ શકી નથી : રહસ્ય બહાર લાવવા રાતભર પોલીસ દોડી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલી સરગાસણ ચોકડી પાસેથી ગઈ મોડી રાત્રે એક અજાણ્યા યુવાનની કરપીણ હત્યા કરી દેવાયેલી લાશ મળી આવતા સન્નાટો મચી જવા પામ્યો છે. હત્યા કોની થઈ અને કોણે કયાં કારણે હત્યા કરી તે તમામ પ્રશ્નો પર હજુ રહસ્ય અકબંધ છે. અજાણ્યા મૃતક યુવાનની હજુ ઓળખ પણ થઈ શકી નથી. તેની ઓળખ તથા હત્યારા સુધી પહોંચવા સે-૭ પોલીસ તથા એલસીબીની ટીમે દોડધામ શરુ કરી છે પરંતુ હજુ સુધી કોઈ કડી મળી આવી નથી.

સરગાસણ ચોકડી પાસેથી ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં એક અજાણ્યા આશરે ૨૫ થી ૨૭ વર્ષના યુવાનની તિક્ષ્ણ હથિયારના ઘા મારી મારીને હત્યા કરી નંખાયેલો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. યુવાના માથાના પાછળના ભાગે શરીરે અને જમણા પગે ધારદાર છરા જેવા હથિયારથી



પાંચ જેટલા ઘા મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ મૃતક યુવાન કોણ છે કે તેને કોણે કયાં કારણે મારી નાંખ્યો તે તમામ દિશામાં પોલિસ તપાસ કરવા દોડી રહી છે. આસપાસની બાંધકામ સાઈટો પર પણ કોઈ શ્રમિક યુવાન ગુમ છે કે કેમ? તે અંગે પણ પોલીસે તપાસ શરુ કરી છે. જો કે હજુ સુધી કોઈ ચોકકસ કડી પોલીસને મળી આવી નથી. સે-૭ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરુ કરી છે.



સેકટર-૪ વસાહત મંડળ દ્વારા વસાહતીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને ૭૫ વર્ષથી મોટી ઉંમરના વડીલોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. સન્માન સમારોહમાં ૩૭૦ કર્મચારીઓનું સન્માન ગાંધીનગરના પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલ, ભાજપ પ્રમુખ નિતીનભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ, સ્થાનિક કોર્પોરેટરો સહિત સામાજીક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા વિદ્યાલયમાં વાનગી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે રસોઈ કલા વિકસે તેથી આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા વિદ્યાલય સે-૨૩ ખાતે વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી.

શાળાના સેમિનાર હોલ ખાતે યોજાયેલ વાનગી સ્પર્ધામાં ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાની રસોઈ કલા બતાવી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સ્વીટ-કેડબરી, પંજાબી સબ્જી, પરોઠા, સીંગાર રોલ, રાયતુ જેવી વિવિધ વાનગી બનાવી નિર્ણાયકો સમક્ષ પીરસી હતી.

વાનગી સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની વાનગી ચકાસી ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં ધવલ પ્રજાપતિ- ગાર્ડન સરપ્રાઈઝ, ઈફતેશામ શેખ- ગ્રીન પરાઠા, પાયલ ચૌહાણ-કોફતા વીથ કરી, ક્રિશા દલવાડી-લોકી સરપ્રાઈઝ અને ખુશ્બુ પ્રજાપતિએ પનીર કોફતા-બટરમસાલા રજુ કરી ઈનામો મેળવ્યા હતાં.

# દશકોશી વણકર સમાજનો સ્નેહમિલન

નાની દશકોશી વણકર સમાજનો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૨૧ ડિસેમ્બર રવિવાર બપોરે ૧-૦૦ કલાકે સમાજભવન રખિયાલ અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે. જેમાં સમાજના ધોરણ ૮ થી ૧૨માં ૬૦ ટકાથી વધારે અને સ્નાતક અને અનુસ્નાતકમાં પ્રથમ વર્ગ મેળવેલ વિદ્યાર્થીઓએ સંસ્થાના ઉપપ્રમુખ દશરથલાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨ સે-૭-બી ગાંધીનગર ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.



# ગૂજરાત વિદ્યાપીઠ ખો-ખો મહિલા ટીમે વિક્રમ સર્જયો

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરામાં યોજાયેલ પશ્ચિમ ઝોન, આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ગૂજરાત વિદ્યાપીઠની ખો-ખો મહિલા ટીમે ગુજરાત તરફથી પ્રથમ વખતે ઈન્ટર ઝોનલ સ્પર્ધા માટે કવોલીફાઈડ કરી વિક્રમ સર્જયો હતો.

કવોલીફાઈડ ટીમ એસ.આર.ટી.એમ. નાન્દેડને એક તરફી મુકાબલામાં એક ઈનિંગ્સ અને ૬ પોઈન્ટથી હરાવી ઈન્ટર ઝોનલ સ્પર્ધા મેંગ્લોર માટે કવોલીફાઈ થયા. અન્ય મેચોમાં મુંબઈ યુનિ.એ એસ.એન.ડી.ટી. મુંબઈ યુનિ.ને હરાવી, શિવાજી કોલ્હાપુર યુનિ.એ સોલાપુર યુનિ.ને હરાવી, પુને યુનિ.એ સરદાર પટેલ યુનિવર્સિટીને હરાવી ઈન્ટર ઝોનલ સ્પર્ધા મેંગ્લોર માટે કવોલીફાઈડ થયા. અગાઉની મેચોમાં પણ ગૂજરાત વિદ્યાપીઠે જયોતિ મહિલા વિદ્યાપીઠ જયપુરને ૧ ઈનિંગ્સ ૧૭ પોઈન્ટ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરને ૧ ઈનિંગ્સ ૨૨ પોઈન્ટથી હરાવ્યા હતા. ગૂજરાત વિદ્યાપીઠ તરફથી અંજના વસાવા, અમીષા ગામીત, મનીષ ગામીત અને મનીષા ચૌધરીએ આખી સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કર્યો. ગૂજરાત વિદ્યાપીઠની જીતમાં કોચ સ્નેહલ પટેલની મુખ્ય ભૂમિકા રહી. ગૂજરાત વિદ્યાપીઠની આ ઐતિહાસિક જીત માટે પ્રો. જમનાદાસ સાવલિયા, ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. ગીતાબહે પટેલે ટીમને શુભેચ્છા આપી. ગૂજરાત વિદ્યાપીઠની ટીમ આવતી ૩-૧-૨૦૧૪ થી ૭-૧-૨૦૧૪ સુધી રમાતી ઈન્ટર ઝોનલ સ્પર્ધા મેંગ્લોર ખાતે ભાગ લેશે.

# કોબામાં નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

સહયોગ મંડળ ગાંધીનગર દ્વારા કોબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. કોબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલ નેત્ર નિદાન કેમ્પમાં કોબા અને આજુબાજુના ગામની જનતાએ ભાગ લીધો હતો. કેમ્પમાં ૨૫૦થી વધારે દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૦૪ દર્દીઓને સ્થળ પર ચશ્માનું વિતરણ કરાયુંહતું. કાર્યક્રમમાં પ્રમુખ ભગુભાઈ પટેલ અંધત્વ નિવારણ સોસાયટીના ડૉ. ઉર્વીશ પટેલ સહિત અનેક કાર્યકરોએ ઉપસ્થિત રહી સહયોગ પુરો પાડયો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬

સૂર્યાસ્ત : ૬.૧૪

## તાપમાન

મહત્તમ : ૨૫.૮ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૫૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
ધૂમ-૩ : ૧૧.૧૦, ૨.૪૦, ૬.૨૫,૯.૫૫
: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૯.૧૦, ૧૨.૪૦, ૪.૨૫, ૮.૧૦
: સ્કીન-૩ :
ધૂમ-૩ : ૧૦.૧૦, ૧.૪૦, ૫.૨૫, ૯.૧૦
: સ્કીન-૪ :
ધૂમ-૩ : ૮.૧૦, ૧૧.૪૦, ૩.૧૦, ૬.૫૫, ૧૦.૨૫

### આર વર્લ્ડ

: સ્કીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્કીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૩૦, ૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૨ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
આર કુમાર : ૧૨.૧૫, ૬.૪૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ધૂમ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- દશકોશી કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ બપોરે ૩.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : માનસિક સંતોષ, પ્રસન્નતા રહેશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : આર્થિક સ્થિતિ સુધરશે. સામાજિક યશ વધશે. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : કુટુંબમાં શાંતિ બની રહેશે. સત્સંગ થશે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શકયતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : ધૈર્ય અને સંયમ રાખવો પડશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. કેશવલાલ આમથાલાલ નાયી (ઉ.વ. ૮૦) બ્લોક નં. ૨૮/૭, છ-ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ.ચંચીબેન જીવણભાઈ ઠાકોર (ઉ.વ. ૭૦) મુ.પો. મુબારકપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. રવી અમૃતલાલ રાઠોડ (ઉ.વ. ૨૨) પ્લોટ નં. ૧૭૫/૧, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. પાંચાભાઈ લવજીભાઈ વાલ્મિકી (ઉ.વ. ૬૨) વિદ્યુતબોર્ડ પાસેના કાચાં છાપરાં, સેકટર-૧૩, ગાંધીનગર.